જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો

जय श्रीकृष्ण

श्रीवल्लभाधिशो जयति

પ્રકાશક :
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ.

પ્રકાશક :
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,
૨૧૪-અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતરા,
રાજકોટ. મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯
email : pustiasmita@yahoo.in
web : www.pushtimarg.net

પ્રતિ : ૧૦૦૦
ત્રીજી આવૃતિ : પ્રકાશન વર્ષ : કારતક સુદ ૮, ૨૦૭૦ (ગોપાષ્ટમી)

મુદ્રક :
પૂર્વી પ્રેસ પ્રા. લી., રાજકોટ.

।। શ્રી હરિઃ ।।

(રાગ : બિહાગ)

જિન શ્રીલ્લભ રૂપ ન જાન્યો ।।
જનની ઉદર આય કહા કીનો,
જન્મ અકારથ માન્યો ।।૧।।

સકલ વેદવિધિ સકલ ધર્મનિધિ,
કરત વેદ બખાન્યો ।।
કહા ભયો જો સકલ શાસ્ત્ર પઢ્યો,
નાહક ફાટયો પાન્યો ।।૨।।

અગ્નિ સ્વરૂપ પ્રભુ સકલ શિરોમણિ,
દેત અભયપદ દાન્યો ।।
"રસિકપ્રિતમ" કે ચરણ ભજન તે,
સકલ પદારથ જાન્યો ।।૩।।

***

શ્રીવલ્લભ ચાહે સોઈ કરે ।
જો ઈનકે પદ દઢ કરિ પકરે, મહારસ સિન્ધુ ભરે ।।૧।।

વેદ પુરાણ સુઘરતા સુંદર, ઈન બાતન ન સરે ।
શ્રીવલ્લભકે પદરજ ભજકે, ભવસાગર તે તરે ।।૨।।

નાથ કે નાથ અનાથ કે બંધુ, અવગુન ચિત્ત ન ધરે ।
‘‘પદ્મનાભ’’ કો અપુનો જાનકે, બૂડત કર પકરે ।।૩।।

***

જો પેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે ।
ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામી પથ, શૃંગાર શાસ્ત્ર સબ રોતે ।।૧।।

પ્રેમ સ્વરૂપ પ્રકટ પુરુષોત્તમ, બિન પાયે કૈસે જોતે ।
સેવા કાજ લાલગિરિધરકી, કુસુમ દામ કૈસે પોતે ।।૨।।

કર આસરો રહે જે નિજજન, તે ભવપાર કર્યો હોતે ।
‘‘સગુણદાસ’’સિધ્ધાંત બિના યહ, ઉર કપાટ ક્યોં ખોતે ।।૩।।

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રકાશીત પ્રકાશનો

૧.	પુષ્ટિવાક્‌સુધા (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૨.	જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૩.	સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા)	અપ્રાપ્ય
૪.	સિધ્ધાંત સૂક્તિ (ગો.શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ)	પ્રાપ્ય
૫.	વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪)	પ્રાપ્ય
૬.	સિદ્ધાન્ત રહસ્ય (સંક્ષિપ્ત) (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૭.	શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા)	અપ્રાપ્ય
૮.	ચિરકુટ ચર્ચા સમીક્ષા	પ્રાપ્ય
૯.	ધર્માધર્માગ્રિદર્શનમ્ (બીજી આવૃત્તિ)	અપ્રાપ્ય
૧૦.	શ્રીભાગવત સુધા – રસબિંદુ (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૧.	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૨.	શ્રીયમુનાષ્ટકમ્ (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૩.	બાલબોધ અને પંચપદ્યાનિ (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૪.	સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૫.	સિદ્ધાંતમુક્તાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૬.	નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૭.	વિવેકધૈર્યાશ્રય (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૮.	શ્રીકૃષ્ણાશ્રય (ત્રીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૧૯.	ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૨૦.	સંન્યાસનિર્ણય અને સેવાફલ (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૨૧.	ભક્તિયોગ (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી)	પ્રાપ્ય
૨૨.	કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી) (બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૨૩.	પુરુષોત્તમયોગ (ગો.શ્રીશ્યામમનોહરજી)(બીજી આવૃત્તિ)	પ્રાપ્ય
૨૪.	ષોડશગ્રંથ પરિચય (ગો.શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ)	પ્રાપ્ય
૨૫.	૪૧ શિક્ષાપત્ર સાર સંચય	પ્રાપ્ય

પ્રાપ્તિસ્થાન : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪, અમરદિપ કોમ્પ્લેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ઢઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)

:: અનુક્રમણિકા ::

૧. પ્રસ્તાવના ...
૨. પ્રાક્કથન ૧
૩. શ્રીમંગલાચરણમ્ ૭૧
૪. શ્રીસર્વોત્તમસ્તોત્રમ ૮૭
૫. શ્રીગોવિંદદાસજીની પદ સંગતિ ૯૦
૬. શ્રીસર્વોત્તમજીનું ધોળ ૨૫૬
૭. શ્રીવલ્લભાષ્ટોત્તરશતનામાનિ ૨૬૨
૮. શ્રીમદ્ભાગવતદશમૈકાદશસ્કન્ધમધ્યાત્ સર્વોત્તમસ્તોત્રનામોદ્ધાર ૨૬૭
૯. શ્રીસર્વોત્તમસ્તોત્રીયાષ્ટોત્તરશતનામાસુ પ્રમાણાદિચતુષ્ટયમ્ ૨૯૩
૧૦. શ્રીસર્વોત્તમસ્તોત્રીયાષ્ટોત્તરશતનામાસુ ઐશ્વર્યાદિસપ્તકમ્ ૨૯૫
૧૧. શ્રીસર્વોત્તમ-દોહા (શ્રીદ્વારકેશજી (ધન્નુજી) કૃત) ૨૯૭
૧૨. શ્રીસર્વોત્તમ-વધાઇ (શ્રીગિરિધરજી (તૃતીય ગૃહ) કૃત) ૩૦૭
૧૩. શ્રીસર્વોત્તમ-ધમાર (શ્રીવ્રજભુષણજી(તૃતીય ગૃહ)કૃત) ૩૧૧
૧૪. અથઃ શ્રીસર્વોત્તમસ્તોત્ર-ભાષા (ભારતેન્દુબાબુ શ્રીહરિશ્ચંદ્ર) ૩૧૬
૧૫. શ્રીવલ્લભાષ્ટકમ્ ૩૧૯
૧૬. શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતસ્તોત્રમ્ ૩૩૪
૧૭. શ્રીવલ્લભભાવાષ્ટકમ્ ૩૫૪
૧૮. શ્રીવલ્લભશરણાષ્ટકમ્ ૩૬૧
૧૯. શ્રીવૈશ્વાનરાષ્ટકમ્ ૩૬૩
૨૦. શ્રીમદાચાર્યચિંતનમ્ ૩૬૭
૨૧. પંચશ્લોકી ૩૭૨
૨૨. શિક્ષાઃશ્લોકી ૩૯૬
૨૩. પુષ્ટિ અસ્મિતા ગાન ૪૩૪
૨૪. અમૃતવચનાવલી ૪૩૮

|| શ્રી હરિઃ ||

ગો. શ્રીરસિકરાયજી શ્રીદ્વારકેશલાલજી
(મથુરા-પોરબંદર-રાજકોટ)
૯-પુજારા પ્લોટ, ''સંગીત સાગર'', રાજકોટ.

સ્વમાર્ગીય સિધ્ધાંતોની જાણકારી ન હોવાથી અનેક વૈષ્ણવો અપ-સિધ્ધાંતોને કારણે ભટકી રહ્યા છે. એ માટે સિધ્ધાંતના અભ્યાસ માટે નિત્ય સ્વાધ્યાય કરવો જોઇએ.

પુષ્ટિ-અસ્મિતાની જાગૃતિ માટેના અભિયાન માટે વિશેષતઃ ગ્રંથોનું અવલોકન અનુયાયીવર્ગ માટે ખુબ જ આવશ્યક છે.

એ સંદર્ભમાં ''જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો'' ગ્રંથનું પ્રકાશન આવકાર્ય અને અભિનંદનીય છે.

મંગલાચરણોનાં, સોંદર્યપદ્ય (શ્રીગોકુલેશજીની ટીકા) શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, શ્રીસ્ફુરતકૃષ્ણપ્રેમામૃત તથા શ્રીહરિરાયજી કૃત શ્રીવલ્લભસ્તોત્રો, ભાવાર્થ સહિત, ઉપરાંત ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીની પંચશ્લોકી તથા શિક્ષાશ્લોકા પરની ટીકા અને પ્રકીર્ણ વિગતો.

હમણાં પ્રકાશિત થયેલ ગ્રંથ ''શ્રીવલ્લભ મહાપ્રભુ સ્તોત્રાણિ'' માં પ્રકાશિત થયેલ ઉપરોક્ત સાહિત્યનો ગુજરાતી અનુવાદ હોવાથી સર્વ વૈષ્ણવોને પ્રામાણિક સિધ્ધાંતોની સરળતાથી જાણકારી પ્રાપ્ત થશે.

આ પ્રકાશન કરવા બદલ પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ ને હાર્દિક ધન્યવાદ... સહિત આશિર્વાદ...

- ગો. શ્રીરસિકરાયજી

|| શ્રીબાલકૃષ્ણ પ્રભુ વિજયતે ||
|| શ્રીમદનમોહન પ્રભુ વિજયતે ||

ગો. શ્રીઅક્ષયકુમારજી શ્રીકનૈયાલાલજી
(મથુરા-પોરબંદર-રાજકોટ)
કાલાવડ રોડ, રોયલપાર્ક, ''કૃષ્ણાશ્રય'', રાજકોટ.

પ્રતિ,
પુષ્ટિ અસ્મિતા અભિયાન,

આપના દ્વારા 'જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો' પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઇ રહ્યું છે તે જાણી ખુબજ આનંદ અનુભવુ છું. આજના આ વિકટ સમયમાં કે જ્યાં આજે પુષ્ટિમાર્ગમાં અપસિધ્ધાંતોનો વ્યાપ વધવાને કારણે અનુયાયી વર્ગ ગેરમાર્ગે દોરાય છે એવા સમયમાં એકમાત્ર આચાર્યચરણ અને પુર્વાચાર્યોની વાણી જ જીવાદોરી સમાન છે. ગ્રંથોના અધ્યયનમાં પુષ્ટિમાર્ગીયોની ઘટી ગયેલી રૂચી આવા સુંદર પ્રયાસો દ્વારા ફરી દૃઢ થશે એવી આશા રાખુ છું. પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ દ્વારા આવું સુંદર સાહિત્ય અનુયાયી વર્ગને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે તે ખુબ જ પ્રશંસનીય અને અભિનન્દનીય કાર્ય છે. આ પુસ્તકમાં અગિયાર ગ્રંથો સરળ ગુજરાતી ભાષાંતર સાથે પ્રકાશિત થઇ રહ્યા છે. જે વૈષ્ણવો માટે ખુબ જ ઉપયોગી થશે. પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ તરફથી આગળ પણ આવું સાહિત્ય ઉપલબ્ધ થતું રહે એવી શુભકામના સહ.

- ગો. શ્રીઅક્ષયકુમારજી

|| શ્રીમદનમોહનપ્રભુ વિજયતે ||
|| શ્રીવલ્લભાધીશો જયતિ ||

ગો. શ્રીવસંતકુમારજી મહોદયશ્રી
(પોરબંદર-મથુરા)
વલ્લભ સદન, વલ્લભ ઘાટ સામે,
બંગાલી ઘાટ, મથુરા.

પુષ્ટિ અસ્મિતા અભિયાન,
રાજકોટ.

પુષ્ટિમાર્ગ પર નિષ્ઠાપુર્વક ચાલીને શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત જીવન પ્રણાલી જીવી ખરા અર્થમાં જીવનની સાર્થકતા સિધ્ધ કરી શકાય એમાં કોઇ સંદેહ નથી અને તે સિધ્ધ કરવા શ્રીવલ્લભાચાર્યજીના સ્વરૂપ અને ગ્રંથો દ્વારા આપશ્રીના દિવ્ય ઉદ્દેશોને જાણી શકાય, તે કાર્યમાં આપની શ્રીવલ્લભની કૃપાપાત્ર પુષ્ટિ અસ્મિતા અભિયાન સમિતિ દ્વારા ''જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો'' પુસ્તકનું પ્રકાશન ખરેખર પ્રશંસનીય એવમ્ અનુકરણીય કાર્ય ગણાય ભવિષ્યમાં પણ આવા ઉત્તમ કાર્યો કરવાની પ્રેરણા અને સામર્થ્ય પ્રભુ અને મહાપ્રભુ પ્રદાન કરે એવી શુભકામના અને આશિર્વાદ સાથે...

- ગો. શ્રીવસંતકુમારજી

પુસ્તક પ્રકાશન વિષે કાંઇક...

એકાદ વર્ષ અગાઉ એવો મનોરથ હૃદયમાં ઉદ્ભવ્યો કે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ-ગુણ-નામના વર્ણન કરતાં મૂલ ગ્રન્થોનું પ્રાચિન મહાનુભાવો શ્રીવલ્લભવંશજોની ટીકાઓ સહિત સંકલન રૂપે પુસ્તક પ્રકાશીત થાય તો શ્રીમહાપ્રભુજીનું વાસ્તવિક અગ્નિ સ્વરૂપ તથા ભૂતલ ઉપર પ્રગટ થયેલ આચાર્ય સ્વરૂપ યથાર્થ હૃદયારૂઢ થવામાં ઉપકારક બને. અને પરંપરાથી ચાલી આવતી પરંતુ સંદર્ભવિહિન, મૂલસિદ્ધાન્તોથી વિપરિત, અનર્થપ્રેરક ખોટીભ્રમણાઓ અને મહાનુભાવોની વાણીમાંથી આગળ પાછળના સંદર્ભ છોડીને એક-એક વચનની ઝંડાબાજીથી જે આપશ્રીની બિન્દુસૃષ્ટિ તથા નાદસૃષ્ટિમાં પરસ્પર સિદ્ધાન્ત વિરૂદ્ધ તથા ભાવ-ભાવનાના નામ ઉપર થતાં અભદ્ર વ્યવહારો અને વ્યાપક બનેલી અનધિકાર ચેષ્ટાઓથી સંપ્રદાયનું તથા શ્રીમહાપ્રભુજીનું અને બિન્દુ-નાદ સૃષ્ટિનું વિશુદ્ધ સ્વરૂપ કેટલે દરજ્જે વિકૃત બનીને સ્વીકૃતિના રૂપમાં વિલસી રહ્યું છે! આવી દીશાવિહિન સ્થિતિમાં સાચી દિશા પ્રાપ્ત થાય અને શ્રીહરિ ગુરુ-વૈષ્ણવ ત્રણેયના સાચા સ્વરૂપને સમજી શકાય, પ્રભુ પ્રાપ્તિમાં અંતરાયરૂપે ઉભા થઇ ગયેલાં આડંબરો-માત્ર બહારી ઝાકમઝોળ-દંભ વિ. થી દુર રહી શકાય. એવા જ શુધ્ધ અને શુભ હેતુથી જ આ પ્રકાશિત ગ્રંથ સમર્પિત છે.

ઉક્ત કફોડી પરિસ્થિતિમાં આપણને આ ચાર સ્તોત્ર ગ્રંથો એક ચોક્કસ દીશા આપવા સમર્થ છે. તેમજ શ્રીમહાપ્રભુજીનું ત્રિતયાત્મક સ્વરૂપ, કૃષ્ણાસ્ય સ્વરૂપ, શ્રીસ્વામિનીજી સ્વરૂપ, અગ્નિસ્વરૂપ, પુરુષોત્તમ સ્વરૂપ વિ. સ્વરૂપો ક્યા અર્થમાં, કયા સંદર્ભમાં અને કયા તાત્પર્યમાં છે તે શુદ્ધ રૂપે સ્પષ્ટ કરે છે જે (૧) સૌન્દર્ય પદ્ય (૨) શ્રીસર્વોત્તમસ્તોત્ર (૩) શ્રીવલ્લભાષ્ટક (૪) શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત - આ ચારેય સ્તોત્રોની યથાર્થ મિમાંસા પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા) એ આપશ્રીના સંકલીત તથા પ્રકાશિત ગ્રંથ ''શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુ સ્તોત્રાણિ'' માં પ્રાક્કથન રૂપે વ્રજભાષામાં કરેલી છે. જેનો અમોએ ગુજરાતી અનુવાદ કરી અહીં સાભાર સંકલીત કરેલ છે. આપશ્રીને અમારા સદૈન્ય દંડવત્.

આ પુસ્તક પ્રકાશનનો મનોરથ અમોએ પૂજ્ય ગોસ્વામી શ્રીશરદબાવા (માંડવી-કચ્છ) સમક્ષ એક વર્ષ પહેલાં પ્રસ્તુત કરેલો. આપશ્રીએ પ્રસન્નતાપૂર્વક અનુમતિ પણ આપેલી. પરંતુ ત્યારથી અત્યાર સુધીના સમયાંતર દરમ્યાન કેટલીક શિબિરોના આયોજનો તથા બીજા પણ ત્રણ-ચાર ગ્રંથોના પ્રકાશનમાં સમય ફાળવવાના કારણે આ ગ્રંથ પ્રકાશનમાં થોડો વિલંબ થયો. પરંતુ એ વિલંબ પણ શ્રીમહાપ્રભુજીની વિશેષ કૃપાનું કારણ બન્યો. કેમ કે અમોને ગોસ્વામી શ્રીશ્યામુબાવાના પ્રાક્કથન રૂપે પ્રગટ થયેલી અમુલ્ય મીમાંસા પ્રાપ્ત થઇ, અને સમયાંતરે પૂજ્ય ગોસ્વામી શ્રીશરદબાવા પણ થોડા થોડા સુચનો આપતા રહ્યા તેમજ અમુક ગ્રંથો અધિક સંકલિત કરવાની આજ્ઞા કરી જેમાં સાંપ્રદાયીક મંગલાચરણ ટીકા સાથે તથા પંચશ્લોકી અને શિક્ષાશ્લોકી ટીકા સહિત સંકલિત થઇ શકયા અને વ્રજભાષાનો અનુવાદ કરવામાં અમોને ઘણા શબ્દોના અર્થ સ્પષ્ટ ન થાય ત્યારે પણ પૂજ્ય શ્રીશરદબાવાએ અવારનવાર ફોન દ્વારા સંપર્કમાં રહી અમોને સંદર્ભ મુજબ અર્થોની સંગતિ કૃપા કરીને સહજતયા આપી છે. અને વિશેષ સુચનો પણ જણાવ્યા છે. આપશ્રીને અમારા દંડવત્ પ્રણામ...

પૂજ્યપાદ ગોસ્વામી શ્રીપુરુષોત્તમલાલજી (જુનાગઢ-કિશનગઢ) ની સન્મુખ અમોએ પ્રસ્તુત ગ્રંથની માહિતી રજુ કરી અને વિનંતી કરી કે આપશ્રી આ ગ્રંથ માટે પ્રસ્તાવના લખી આપવા કૃપા કરો. આપશ્રીએ પણ અમારી વિનંતીનો સહર્ષ સહજતાથી સ્વીકાર કરી પ્રસ્તાવના લખી આપવાની અનુમતિ આપી અને પ્રાપ્ત કરાવી. આપશ્રીના ચરણારવિંદમાં અમારા સદૈન્ય દંડવત્ પ્રણામ.

પૂજ્યપાદ ગો. શ્રીરસિકરાયજી સન્મુખ પણ અમોએ પુસ્તક તૈયાર થવાના છેલ્લા સમયે પણ વિનંતી કરવા છતાં આપશ્રીએ પુસ્તકની સંપૂર્ણ વિગતો જાણીને સરાહના સહિત પ્રસન્નતા પૂર્વક શીઘ્ર જ આપશ્રીના આશિર્વચન અમોને પ્રાપ્ત કરાવીને આપની કૃપાલુતાનો અનુભવ કરાવ્યો. આપશ્રીને અમારા સદૈન્ય દંડવત્ પ્રણામ.

પૂજ્યપાદ ગોસ્વામી શ્રીઅક્ષયકુમારજી (રાજકોટ) એવં પૂજ્યપાદ ગોસ્વામી શ્રીવસંતકુમારજી (પોરબંદર) આપ બંને ગોસ્વામી બાલકો સમક્ષ અમોએ આ ગ્રંથ વિષે આશિર્વચન આપવા વિનંતી કરી. આપશ્રીએ પણ કૃપા

કરીને સહર્ષ અમોને આપના જાણીને આશિર્વચન આપશ્રીના હસ્તે પ્રાપ્ત કરાવ્યા. આપ બન્ને યુવા ગોસ્વામી બાલકોને અમારા સદૈન્ય દંડવત્ પ્રણામ...

આ ગ્રંથના પ્રકાશનમાં આર્થિક સહયોગી બનેલા શ્રીવલ્લભના કૃપાપાત્ર વૈષ્ણવો સમક્ષ પણ અભીયાનની પ્રવૃત્તિ-લક્ષ્ય અને રાગ-દ્વેષથી પર સાંપ્રદાયીક કર્તવ્ય રૂપે ચાલી રહેલી નિઃસ્વાર્થ સેવાથી પરિચિત કરતાં, દરેક વૈષ્ણવો પોતાનું પરમ કર્તવ્ય શ્રીમહાપ્રભુજીની વાણી પ્રત્યેનો અનુરાગ અને સંપ્રદાયની સેવાની ભાવના તેમજ નિજદૈવીદ્રવ્યનો વિનિયોગ કરાવવા માટે સહજ-સહર્ષ તત્પર થયા અને આ પ્રકાશન આટલું સરળ બની શકયું. આ દરેક વૈષ્ણવની વિશુદ્ધ ભાવનાને અમારા શત્ શત્ વંદન. આપ સહુના અમો આભારી છીએ. આ ગ્રંથમાં ક્યાંય પણ કોઇ પણ ક્ષતિ જણાય તો તે અમારી જીવબુદ્ધિની જાણી ક્ષમા કરશો. અને ક્યાંય પણ કેવી પણ સુંદરતા અનુભવાય તો તે તો કેવલ શ્રીમહાપ્રભુજીની જ જાણવી. મહાનુભાવ ભગવદીયો ગાય છે કે ''દ્વિજકુલ પ્રગટે શ્રીહરિ સુંદરતાકી રાસ...''

અને છેલ્લે અનિચ્છાએ પણ આટલું કહેવા માટે અમારા મનને રોકી શકતા નથી કે આ ગ્રંથમાં પ્રસ્તુત બધી સામગ્રીઓના સંકલન-લેખન-અનુવાદ કરતી વખતે કોઇક કોઇક ક્ષણોમાં જે અલૌકિક અનુભુતિ થઇ એ જ તો શ્રીમહાપ્રભુજીના ''આનંદઃ-પરમાનંદઃ-કૃપાનિધિઃ-સ્મૃતિમાત્રાર્તિનાશનઃ -ગુરૂઃ-સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમાઃ'' વિ. નામો આપશ્રીના અનવતાર સાંપ્રત કાલમાં પણ કાર્યાન્વિત કૃપારત છે તે દૃઢ નિશ્ચય કરાવે છે. અમારી દરેક વલ્લભી વૈષ્ણવ માટે પણ આવી જ શુભ કામના છે કે આપશ્રીના આ સ્તોત્રોનું અવગાહન આપશ્રીમાં નિષ્ઠા સહિત જે કરે તે સહુને પણ ચોક્કસ સ્વ અધિકાર અનુસાર કૃપાનુભૂતિ અનુભવાય. શ્રીવલ્લભ આ અનુભૂતિ કરાવતા હતા, કરાવે છે અને કરાવતા જ રહેશે. જરૂર છે આપણી શ્રીવલ્લભના સ્વરૂપમાં શ્રીવલ્લભની વાણીમાં નિષ્ઠાની - પરંતુ હા એટલું ચોક્કસ સમજવું જ પડશે કે :

''નિષ્ઠા ચ સાધને રૈવ ન મનોરથ વાર્તયા''
''બાહ્યાભાવે આંતરં તુ વ્યર્થતા''

- અસ્તુ, પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ

ત્રીજી આવૃત્તિ વિષે પ્રાસંગિક

|| શ્રી હરિઃ ||

પ્રસ્તુત ગ્રંથ ''જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો'' ની આ ત્રીજી આવૃત્તિ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સમક્ષ ઉપલબ્ધ કરાવતા અતિ હર્ષ અનુભવીએ છીએ.

છેલ્લા ઘણા સમયથી બીજી આવૃત્તિની નકલો અપ્રાપ્ય થઇ ગયેલી હતી. વૈષ્ણવો અવાર-નવાર રૂબરૂ તથા ફોન દ્વારા આ ગ્રંથની સતત માંગ કરી રહ્યા હતા. પરંતુ કાગળ, બાઈડિંગ વિ. માં ઉત્તરોત્તર ભાવવધારો આવવાના કારણે નવી આવૃત્તિ પ્રકાશન કરવા માટેનું આયોજન વિચારણીય બની ગયું હતું.

ત્રણેક માસ પહેલાં અમારા નિકટના પરિચીત અને સાંપ્રદાયિક મૂલ સાહિત્યમાં અધ્યયન અને ખૂબ જ રૂચિ ધરાવતા શ્રીરમણીકકાકા (શ્રીરમણીકભાઇ કેશવજીભાઇ છાંટબાર, દુલારીવાળા) એ અમોને ફોન દ્વારા જણાવ્યું કે મારા નિકટના સ્નેહી વૈષ્ણવશ્રી સુરતમાં છે તેઓને ત્યાં લગ્નપ્રસંગે આમંત્રિત સગા-સંબંધી-વૈષ્ણવોને એક સુંદર સાંપ્રદાયિક અને પ્રામાણિક ગ્રંથ ભેટરૂપે આપવાનો મનોરથ છે અને મને આ બાબતનું સૂચન કરવા જણાવતાં મેં એમને **''જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો''** ગ્રંથનો આગ્રહ જણાવ્યો છે અને તેઓએ માન્ય પણ કર્યો છે. તો આ વિષય ઉપર તમો એમની સાથે ચર્ચા-વિચારણા જરૂર કરી લેશો.

યોગાનુયોગ એ સમય દરમ્યાન સુરતમાં ગો.શ્રીપુરુષોત્તમલાલજી (જુનાગઢ-કિશનગઢ)ની શિબિરનું આયોજન નિશ્ચિત થતાં અમારે પણ સાંપ્રદાયિક ગ્રંથો અને પ્રવચન સીડી વિગેરેના વિતરણાર્થે જવાનું થયું તેથી શિબિર-સ્થળ ઉપર તે વૈષ્ણવ આવ્યા અને અઢીસો પુસ્તક ભેટરૂપે આપવાનો વિચાર જણાવતાં અમોને પણ પ્રકાશન કરવાની મુશ્કેલ પરિસ્થિતિમાં ઉત્સાહ અને બળ મળ્યું. પરિણામ સ્વરૂપમાં આ ગ્રંથ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ઉપલબ્ધ થઇ રહ્યો છે. મૂળમાં તો ભગવત્કૃપા-ઇચ્છા જ કારણરૂપ છે.

સાથે-સાથે વિશેષ કે આપણા ખુશીના લૌકિક પ્રસંગોમાં પણ આવો અલૌકિકભાવ પ્રકટ કરીને અને આમંત્રિત સ્નેહીઓને પણ એ ભાવની

પ્રતીતિ કરાવવી અને દ્રવ્યનો વિનિયોગ આવા ગ્રંથોના માધ્યમથી સંપ્રદાયના સાચા પ્રચાર-પ્રસાર કાર્યમાં કરાવવો આ બધું ભગવત્કૃપાબળ વિના દુર્લભ જ છે. શ્રીમહાપ્રભુજીનું વચન **''લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા, વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ''** છે.

વર્તમાન સમયમાં આપણા મુલ આચાર્ય તેમજ પરવર્તિ આચાર્યોના ગ્રંથ-સાહિત્ય તેમજ પ્રાચિન વિદ્વાનોના ગ્રંથો-ટીકા સાહિત્યો જે આપણા સંપ્રદાયના રક્ષક-પોષક-દિશાસૂચક છે તેના પ્રકાશન, અધ્યયન, પ્રચાર વિ. માં જેટલી રૂચિ આપણા પુષ્ટિમાર્ગીઓમાં રહેલી છે તેનાં કરતાં કેટલાય ગણી રૂચિ સંપ્રદાયના આધુનિક ઇતર વિષયોમાં વ્યાપેલી દેખાઇ રહી છે. જો કે આ કોઇ વિપરિત વાત નથી પરંતુ જ્યાં સુધી ઉપરોકત મૂળ સાહિત્ય-ગ્રંથોને નહીં સમજીએ ત્યાં સુધી બધું ઔપચારિક જ રહે છે. કારણ કે પુષ્ટિજીવને પોતાનું સાચું લક્ષ્ય સમજાવું અને તેને પ્રાપ્ત કરવા માટે સુવ્યવસ્થિત સાધના-પ્રણાલી તેના શુદ્ધ-શુદ્ધ રૂપમાં તો આપણા મૂલ આચાર્ય તેમજ પરવર્તિ આચાર્યોના ગ્રંથોના સમજ્યા વિના જાળવવી એ દુર્લભ નહીં દુર્લભત્તર છે. આ વાતની પુષ્ટિનું અને તેનાથી વિપરિત સ્થિતિનું પરિણામ શ્રીગુસાંઇજી **''શ્રીવલ્લભાષ્ટકમ્''** ના ત્રીજા શ્લોકમાં નિરૂપણ કરે છે **''નહ્યન્યો વાગધીશાત્....કેવલાન્ધન્તભોગાઃ''** આ દરેક પુષ્ટિમાર્ગીએ કયારેય પણ ભૂલવું ન જોઇએ.

''પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર-રાજકોટ'' ના કાર્યક્ષેત્રમાં મુખ્ય હેતુ પણ આપણા મૂલ આચાર્યો તથા પરવર્તિ આચાર્યો-વિદ્વાનો ના ગ્રંથ-ટીકા સાહિત્યોને તેના શુદ્ધ-સ્વરૂપમાં અને સરલીકરણ સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સુધી પહોંચાડીને સાચા અર્થમાં સંપ્રદાયના પ્રચાર-પ્રસાર કાર્યના શુભહેતુ સિવાય બીજા કોઇ વ્યાવસાયિક-વ્યાપારિક કે અર્થોપાર્જન જેવા ક્ષૂદ્ર હેતુ કયારેય રહ્યા નથી અને રહેશે પણ નહીં. અને આવા હેતુથી પરીચિત સંપ્રદાયનિષ્ઠ ગોસ્વામી આચાર્ય બાલકોનો તથા વૈષ્ણવોનો પણ સહયોગ ઉત્સાહપૂર્વક યથાયોગ્ય પ્રકારે મળી રહ્યો છે. અને આ બધું પણ કેવળ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીનું જ કૃપા-સામર્થ્યબળ છે. અસ્તુ.

- પ્રવીણ વી. ડઢાણીયા

:: પ્રસ્તાવના ::

|| શ્રીવલ્લભાધીશો જયતિ ||

પુષ્ટિપુરુષોત્તમ પ્રભુ શ્રીગોર્વનધરને જ્યારે સ્વમનોભિલષિત પ્રકારક શુદ્ધપુષ્ટિમાર્ગ ભૂતલ પર પ્રગટ કરવાની ઇચ્છા થઇ ત્યારે આવો શુદ્ધપુષ્ટિમાર્ગ પ્રગટ કરવાનું સામર્થ્ય શ્રીગોવર્ધનધરની પ્રત્યેક લીલાવિહાર રૂપ સમુદ્રમાં વિહાર કરતું ત્રિતયાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ સિવાય કોઇનું છે જ નહિં એવું જાણી શ્રીપ્રભુએ શ્રીવલ્લભને ભૂતલ પર પ્રાકટ્ય લેવાની આજ્ઞા કરી, સાથે સાથે વાણી દ્વારા સ્વમાહાત્મ્ય અને લીલા પ્રગટ કરવાની તેમજ શ્રીભાગવતગૂઢાર્થ પ્રગટ કરવાની આજ્ઞા કરી. દૈવી જીવો પર શ્રીપુષ્ટિપુરુષોત્તમની અહૈતુકી કૃપાવૃષ્ટિથી શ્રીવલ્લભપ્રભુ ભૂતલ ઉપર પ્રકટયા - આપશ્રી પોતે પોતાના પ્રાકટ્ય વિષેનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે.

અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરાદ્વાક્પતે -
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।
દત્વાજ્ઞાં ચ કૃપાવલોકન પટુર્યસ્માદતોહં મુદા
ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધાવ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ||

(શ્રીમદ્ ભા.પ્ર.સ્કન્ધ, સુબોધિની કારિકા-૫)

શ્રીમદ્પ્રભુચરણ સર્વોત્તમસ્તોત્રના મંગલાચરણમાં આપશ્રીના પ્રાકટ્ય વિષે આ પ્રમાણે આજ્ઞા કરે છે :

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ||

અર્થાત્ પોતાના સ્વકીય ભક્તો ઉપર નિરુપધિ કૃપા કરી પોતાનું પુષ્ટિમાર્ગીય લીલારસ ભાવાત્મક માહાત્મ્ય સ્વભક્તો માટે પ્રકટ કરવાની ઇચ્છા થઇ ત્યારે આપશ્રીએ પોતાના મુખારવિન્દ સ્વરૂપ શ્રીવલ્લભને ભૂતલ પર પ્રાદુર્ભૂત કરાવ્યા.

શ્રીવલ્લભ **''વસ્તુતઃ કૃષ્ણ એવ''** હોવાને નાતે આપશ્રીના નિજભક્તો તેમજ સમગ્ર પુષ્ટિભક્તિમાર્ગીય વૈષ્ણવો આપશ્રીને શ્રીગોકુલેશ રૂપે જ નિરખે છે. આપણા સૌ પુષ્ટિસૃષ્ટિના પરમ સૌભાગ્ય છે કે આવા

અલૌકીક ગુણોથી સમન્વીત શ્રીભાગવત પ્રતિપદ મણિરૂપી ભાવકિરણોથી ભૂષિત શ્રીવલ્લભનું દાસત્વ પ્રાપ્ત થયું. આવા શ્રીવલ્લભપ્રભુના સ્વરૂપને જેણે જાણ્યું નહીં અને આપશ્રીના યુગલ ચરણ કમલોનો જેણે દઢ આશ્રય કર્યો નહીં તેનો જન્મ આ ભૂતલ ઉપર વ્યર્થ છે. આથી જ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે :

નાશ્રિતો વલ્લભાધીશો ન ચ દ્રષ્ટા સુબોધિની ।
નારાધિ રાધિકાનાથો વૃથા તજ્જન્મ ભૂતલે ।।

શ્રીઆચાર્યચરણ ''વસ્તુતઃ કૃષ્ણ'' જ હોવાથી આપશ્રી પણ બધા જ ભગવદ્ ગુણોથી વિભૂષિત છે જેવી રીતે ભગવાનનાં નામ, સ્વરૂપ, ગુણોનું ગાન, શ્રવણ, કીર્તન તેમજ લીલા ચિંતન સ્મરણથી ભક્તિ પ્રવૃદ્ધ થાય છે. તેવી રીતે શ્રી આચાર્યચરણનાં નામ, સ્વરૂપ, ગુણ, લીલાનું શ્રવણ કીર્તન, સ્મરણ, ચિંતન પણ પુષ્ટિભક્તિને પ્રવૃદ્ધ કરે છે :

યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ,
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ।
પ્રકાશન્તે મહાત્મનઃ ।।

(શ્વેતાશ્વતરોપનિષદ્ : ૬/૨૩)

''જેની પરમ ભક્તિ પરમદેવ (શ્રીપ્રભુ) માં છે તેની, જેવી પરમેશ્વરમાં છે તેવી જ ગુરુમાં પણ હોય છે. આવા મહાત્મા પુરુષનાં હૃદયમાં જ આ બતાવેલા બધા રહસ્યમય અર્થ પ્રકાશિત થાય છે. તે જ મહાત્માનાં હૃદયમાં પ્રકાશિત થાય છે.''

આથી જ પુષ્ટિમાર્ગમાં પણ જેવી ભક્તિ શ્રીપ્રભુમાં હોય તેવી જ ભક્તિ શ્રીકૃષ્ણજ્ઞાનદોગુરુ શ્રીવલ્લભમાં હોવી જોઇએ. તો જ આ ભક્તિમાર્ગનાં ગૂઢ રહસ્ય હૃદયમાં પ્રકાશિત થાય છે અન્યથા નહિં. આથી જ સુરદાસજી કહે છે ''સાધન ઔર નહિં યા કલિમેં, જાસું હોત નિવેરો...'' પુષ્ટિભક્તિની પ્રાપ્તિ, પુષ્ટિભક્ત બનવાની યોગ્યતા, આ માર્ગમાં સ્થિતિ આ ભક્તિમાર્ગમાં ચાલવાનું સામર્થ્ય અને પુષ્ટિ ભક્તિમાર્ગીય ફલ પ્રાપ્તિ શ્રીવલ્લભચરણમાં દઢ ભક્તિ વિના સંભવ નથી. જેવી રીતે ભગવદ્નામ ભક્તો માટે ચિંતામણી રૂપ છે, તેવી જ રીતે આ પુષ્ટિભક્તિમાર્ગમાં ચાલતા

ભક્ત માટે ભગવત્સેવા તેમજ કથારૂપ ભક્તિમાં આવતા પ્રતિબંધોનો વિનાશ કરી શ્રીકૃષ્ણનાં સ્વરૂપાનંદ રૂપ પરમફલની પ્રાપ્તિ શ્રીવલ્લભપ્રભુનાં નામના ઉચ્ચારણ, જપ તેમજ પાઠથી થાય છે તેથી શ્રીકૃષ્ણરસની કામનાવાળા તેમજ સર્વ લૌકીક વૈદિક કામના રહિત ભક્તો માટે તો શ્રીવલ્લભપ્રભુનાં નામો ચિંતામણીરૂપ સર્વસિધ્ધિ પ્રદાન કરનારા છે.

આચાર્યચરણ શ્રીગોવર્ધનધરણનાં બધાં જ ગુણોથી વિભૂષિત છે તેથી શ્રીકૃષ્ણદાસજી કહે છે :

''વ્રજપતિ વલ્લભ એકહી જાનો ભેદ નહીં હૈ નમો નમ...''

શ્રીપરમાનંદદાસજી કહે છે :

''પરમાનંદદાસ કો ઠાકુર જે હી વલ્લભ તેહી સુંદર શ્યામ''

આથી જેવી રીતે શ્રીવલ્લભના નામો ભક્તિદાયક છે તેવી જ રીતે ગુણોનું ગાન પણ ભક્તો માટે આનંદદાયક છે.

સ્વયશોગાનસંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટરઃ

(શ્રીમત્પ્રભુચરણ, સર્વોત્તમસ્તોત્ર-૨૮)

જે ભક્તો હંમેશા શ્રીઆચાર્યચરણનાં યશનું ગાન કરી પ્રસન્ન થાય છે તેવા ભક્તોના હૃદયકમલ રૂપ આસનમાં આપ બિરાજે છે. જેના હૃદયમાં ભક્તિમાર્ગાબ્જમાર્તંડ શ્રીવલ્લભ બિરાજતા હોય તેને ભક્તિ પ્રાપ્તિમાં શું ન્યુનતા રહે!

અતઃ શ્રીવલ્લભનાં નામ, રૂપ, ગુણોનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચિંતન પુષ્ટિભક્તિ પ્રાપ્તિની ઇચ્છાવાળા માટે હંમેશા કર્તવ્ય છે. સાથે શ્રીમદ્ આચાર્યચરણોએ ભૂતલ પર પ્રગટ થઇને પુષ્ટિસંપ્રદાય સ્થાપન, માયાવાદ ખંડન અને શુદ્ધાદ્વૈત સાકારબ્રહ્મવાદ સ્થાપન, ષોડશગ્રંથ, નિબંધ, અણુભાષ્ય, સુબોધિનીજી આદિ ગ્રંથો દ્વારા પુષ્ટિમાર્ગીય સિધ્ધાંતસ્થાપના રૂપ લીલાનું પણ અવગાહન નિતાંત આવશ્યક છે. શ્રીમહાપ્રભુ દ્વારા પ્રવર્તીત પુષ્ટિ સિધ્ધાંતના અવગાહન, મનન ચિંતન વિના ક્યારેય શ્રીવલ્લભનાં ચરણાશ્રીત દાસ બની શકાય નહિં.

શ્રીમદ્ આચાર્યચરણનાં દિવ્ય સિધ્ધાંતોના યથાર્થ જ્ઞાન વિના કેવળ ભાવનાઓને કારણે શ્રીમદ્વલ્લભના દિવ્ય પુષ્ટિભક્તિમાર્ગમાં અનેક

વિકૃતિઓ દાખલ થઇ જેના કારણે પુષ્ટિસિધ્ધાંત વિપરીત એક સમાંતર પુષ્ટિમાર્ગ અત્યારે દેખા દે છે. પુષ્ટિસિધ્ધાંતથી વિપરીત આ સમાંતર પુષ્ટિમાર્ગ પર દૃષ્ટિપાત કરવો ખુબ જ આવશ્યક છે જેથી કરી પુષ્ટિમાર્ગીય અનુયાયી વર્ગ કે જે ખરા અર્થમાં વલ્લભના બતાવેલા રસ્તા ઉપર ચાલવા માંગે છે તે આવા પુષ્ટિસિધ્ધાંત વિપરીત માર્ગના દુઃસંગથી બચી શકે.

શ્રીવલ્લભે શ્રીકૃષ્ણની શરણાગતિ તેમજ શ્રીકૃષ્ણને સર્વસ્વનાં નિવેદનપૂર્વક પોતાનાં નિજગૃહમાં સ્વતનુ-વિત્તથી ભગવત્સેવા કરી પુષ્ટિમાર્ગીય પરા (માનસી) ભક્તિ સિધ્ધ કરવાની રીત બતાવી છે.

''કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરામતા'' (સિ.મુક્તાવલી-૧)

ચિત્તની ભગવત્પ્રવણતારૂપ માનસી સેવા સિધ્ધ કરવાની રીત પણ આપશ્રી બતાવે છે.

''ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' (સિ.મુ.૨)

ચિત્તની ભગવત્પ્રવણતારૂપ માનસી પરાભક્તિની સિધ્ધી તનુ-વિત્તજા સેવા દ્વારા જ થઇ શકે. તનુ-વિત્તજા સેવા એટલે પોતાના તન અને પોતાના જ વિત્ત-ધનથી કરાતી સેવા. આ પુષ્ટિસિધ્ધાંતથી વિરુદ્ધ અન્યને ધન આપીને કરાવાતી વિત્તજા અને બીજાનું ધન લઇને કરવામાં આવતી તનુજા સેવા કદાપિ માનસીની સાધિકા બની શક્તી નથી એટલું જ નહિં શ્રીવલ્લભના સિધ્ધાંતથી વિરુદ્ધ ચાલવાથી બહિર્મુખતા ઉત્પન્ન થાય છે અને કાલ પ્રવાહથી દુષિત થયેલ દેહ-ઇન્દ્રિય આદીથી ભક્તિભાવનો નાશ થાય છે. ઉપરાંત આપણા ગુરુરૂપ શ્રીઆચાર્યચરણનાં સિધ્ધાંતો સાથે મનઘડંત ખિલવાડ કરવાથી શ્રીઆચાર્યચરણનો દ્રોહ કરવાનો મહાન અપરાધ થાય છે.

શ્રીઆચાર્યચરણોક્ત 'તનુવિત્તજા' પણ સ્વગૃહમાં જ થઇ શકે છે.

''બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભ.વ.૨)

''સ્વમાર્ગીય ભગવદ્ભજનં તુ ગૃહસ્થિત્યભાવે ન સમ્ભવતીતિ પૂર્વં ગૃહસ્થિતિમેવાહુઃ ગૃહેસ્થિત્વેતિ ભગવદ્ભજનાનુકૂલે ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ કૃષ્ણં ભજેત્...'' *(શ્રીગોકુલનાથચરણ, ભક્તિવર્ધિની વિવૃતિ-૨)*

''સ્વમાર્ગીય ભગવદ્ભજન તો ગૃહસ્થિતિનાં અભાવમાં સંભવ જ નથી એટલે પહેલા ગૃહમાં સ્થિત રહેવાનું કહેવામાં આવ્યું છે. આથી

ભગવદ્ભજનાનુકુલ ઘરમાં રહી કૃષ્ણને ભજવા જોઇએ.''

આ રીતે શ્રીઆચાર્યચરણ દ્વારા પ્રવર્તીત પુષ્ટિભક્તિમાર્ગીય સેવા દરેક અનુયાયીઓના ઘરઘરમાં થાય છે, નહિં કે સાર્વજનિક મંદિરોમાં! આપશ્રી દ્વારા પ્રવર્તીત આવી અલૌકિક સેવા જે ઘરોમાં થાય છે તે બધા જ ખરા અર્થમાં નંદાલય બની જાય છે. આથી જ પ.ભ. વિષ્ણુદાસજી ગાય છે, **''બલિ વિષ્ણુદાસ વિનોદ ઘરઘર હોત ગોકુલ ગામ જૂ''** શ્રીઆચાર્યચરણે શ્રીકૃષ્ણની સેવાની આજ્ઞા કરી છે. જે પણ ભગવદ્સ્વરૂપ શ્રીઆચાર્યચરણ અને શ્રીમદ્પ્રભુચરણે બતાવેલી રીત અનુસાર પુષ્ટ થાય છે તે ભગવદ્સ્વરૂપ સાક્ષાત શ્રીપુરુષોત્તમ જ છે. ચાહે તે ૫૦૦ વર્ષ પહેલાનું કોઇ સ્વરૂપ હોય કે વર્તમાન સમયમાં સિદ્ધ થયેલ સ્વરૂપ હોય. જે ભગવદ્ સ્વરૂપોની સેવા સ્વમાર્ગીય રીત અનુસાર થાય છે તે બધા જ ભગવદ્સ્વરૂપ વસ્તુતઃ શ્રીકૃષ્ણ વ્રજાધીપ શ્રીગોવર્ધનધર જ છે. આ સૈદ્ધાંતિક સત્ય વિરૂધ્ધ ''નીધિ પ્રતિનીધિસ્વરૂપ-વાદ'' ફેલાવી પુષ્ટિમાર્ગીય અનુયાયીઓને પોતાના માથે બિરાજતા પ્રભુમાં નિરુદ્ધ ન થવા દેવાનુ ષડયંત્ર આ સંપ્રદાયમાં ફેલાયેલું જોવા મળે છે. શ્રીવલ્લભના સિધ્ધાંતમાં નિષ્ઠ થવાથી આપશ્રીની વાણીનું નિરંતર અવગાહન કરવાથી આવા વિકૃત પ્રચારથી બચી શકાય અને પોતાના સ્વગૃહમાં જ નંદાલય અને નિકુંજની લીલાઓનો અનુભવ પોતાના પ્રાણપ્રેષ્ઠ વ્રજાધીપ શ્રીકૃષ્ણ સાથે કરી શકાય...!

નીધિસ્વરૂપ-વાદનું ખંડન પ્રાચીન આચાર્યોની વાણીમાં પણ ભલિભાંતિ જોવા મળે છે.

અત્ર ભજને કૃષ્ણપદસ્ય ફલવાચકત્વેનેદં ભજનં મમ ફલરુપમિતિ,
જ્ઞાત્વા ભજનં કર્તવ્યમ્, ન તુ સાધનબુદ્ધ્યા...

(શ્રીમદ્ ગોકુલનાથચરણ, ભક્તિવર્ધિની વિવૃતિ-૨)

અહીં સ્વમાર્ગમાં શ્રીકૃષ્ણનું ભજન થાય છે શ્રીકૃષ્ણ પદ કહેવાનું તાત્પર્ય પણ ફળવાચકત્વ છે.

આથી જ પોતાના ગૃહમાં બિરાજતા પ્રભુની સેવા જ ફલરૂપ છે એમ માની કરવી જોઇએ, નહીં કે સાધન બુધ્ધિથી. સેવા જ સાધન અને ફલપણ સેવા જ એ સ્વમાર્ગીય સિધ્ધાંત છે. આ ભગવદ્સેવાનો ઉદ્દેશ સેવા પ્રાપ્તિ

સિવાય બીજો કોઇપણ હોઇ શકે નહિ.

''સેવૈવ સાધનં સેવા ફલમૈહિકમત્ર સા ।
સેવા લૌકિકદેહેન સંભવેત્ પારસલૌકિકમ્''

(શ્રીહરિરાયમહાપ્રભુ-શિક્ષાપત્ર-૪૧/૭)

સેવા જ સાધન છે. સેવા અહીં લૌકિક દેહથી થાય તે ઐહિક ફલ અને અલૌકિક દેહથી થાય તે પારલૌકીક ફલ છે. આવું ભજનાનંદ રૂપ ફલ શ્રીઆચાર્યચરણે પ્રબોધેલા તનુ-વિત્તજા સેવાના સિધ્ધાંતથી જ થઇ શકે. તેનાથી વિરૂધ્ધ અર્થોપાર્જન જેવા હીન લૌકિક હેતુઓથી કે ધન આપીને કરાવાતી ભગવત્કથાઓથી, કે પછી સેવા કથાથી આજીવન દુર રહેલા કહેવાતા પુષ્ટિમાર્ગીય અનુયાયીની પાછળ કરવામાં આવતી માલા પહેરામણીથી, ગોલોકધામ પ્રાપ્તિની કામના કરવાથી સ્વપ્નમાં પણ પુષ્ટિફલપ્રાપ્તિ થઇ શકે નહિં.

શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન
ન કલ્પિતપ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્

(શ્રીહરિરાય મહાપ્રભુ શિક્ષાપત્ર - ૧૮/૧૩)

આમ, પોતાના કલ્પિત પ્રકારથી શ્રીવલ્લભના સિધ્ધાંતથી વિરૂદ્ધ કોઇપણ પ્રકારની સેવા આ માર્ગમાં માન્ય રહેતી નથી.

લૌકિક વૈદિક એષણાઓના કારણે જો કોઇ પુષ્ટિમાર્ગીય વ્યાવૃત્ત હોય અને પોતાના ઘરમાં ભગવત્સેવાનો નિર્વાહ શક્ય ન હોય તો પણ અન્ય જગ્યાએ ભગવત્સેવા માટે ધન આપીને વિત્તજા કરવાનો તો નિષેધ જ છે. આવી અવસ્થામાં ભગવત્કથાનાં શ્રવણ કીર્તન સ્મરણ ચિંતન દ્વારા ભક્તિબીજને પ્રવૃધ્ધ કરવા માટે યત્ન કરવાની આજ્ઞા છે. જેવી રીતે ભગવદ્સેવા પણ શ્રીઆચાર્યચરણનિર્દિષ્ટ માર્ગીયસિધ્ધાંત અનુસાર કરવી જોઇએ તેવી રીતે કથા પણ આપશ્રીના સિધ્ધાંત અનુસાર થાય તો જ ભક્તિ સિધ્ધ થાય.

''અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમાદરાત્
પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્
વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ...''

(ત.દી.નિ.સર્વ.નિ.સા.પ્ર. ૨૫૩/૨૫૪)

જો ભગવત્સેવાનો નિર્વાહ પોતાના ઘરમાં શક્ય ન હોય તો બધી કામના છોડી આદરપૂર્વક પ્રયત્નપૂર્વક સદા શ્રીભાગવતનો પાઠ કરવો. ભાગવત દ્વારા પોતાની વૃત્તિ પ્રાણ કંઠમાં આવી જાય તો પણ ન કરવી.

આમ, શ્રીભાગવતકથાઓ ફંડફાળા એકત્ર કરવા કે પિતૃમોક્ષાર્થે કરવી એ શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતથી સર્વથા વિરુદ્ધ છે. આવી કથા કે કીર્તન પૈસા લઇને કે દઇને કરાવવાથી શ્રીઆચાર્યચરણનો અપરાધ થાય છે.

આમ, પુષ્ટિસિધ્ધાંતોનું ટૂંકમાં વિહંગાવલોકન કરવાનું તાત્પર્ય શ્રીઆચાર્યચરણ દ્વારા પ્રવર્તીત સિધ્ધાંતો વિરુદ્ધ જે કંઇ પુષ્ટિમાર્ગના નામે ચાલી રહ્યું છે તેનાથી દરેક પુષ્ટિમાર્ગીઓને બચાવવાનું છે. આવા સિધ્ધાંત વિપરીત આચરણથી દુર રહેવું અત્યંત આવશ્યક પણ છે.

શ્રીઆચાર્યચરણોએ ષોડશગ્રંથ, નિબંધ આદિ ગ્રંથો દ્વારા જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે તેમાં નિષ્ઠ થવાથી શ્રીવલ્લભચરણનો આશ્રય દઢ થાય છે. સ્વમાર્ગીય સિધ્ધાંતો વિરુદ્ધ કરવામાં આવતી સેવા કે કથા બંને વ્યર્થ છે. રાખમાં ઘી હોમવા બરાબર છે.

''સ્વાચાર્યમાત્રવાક્યૈકનિષ્ઠઃ સતતભાવુકઃ
તદીયજનસંસૃષ્ટ સર્વસંગવિવર્જિતઃ''

(શિક્ષાપત્ર, ૨૦/૧૯)

શ્રીઆચાર્યજીનાં વાક્યોમાં નિષ્ઠા રાખે, તેમાં કહેવામાં આવેલ ભાવ પ્રમાણે તેમાં મન લગાવીને રહે જે ભગવદીય શ્રીમહાપ્રભુના વચન અનુસાર ચાલે, શ્રીઆચાર્યચરણવચનમાં જેની પૂર્ણ નિષ્ઠા છે એવાઓનો સંગ કરે અને અન્યનાં સંગથી બચે. આ રીતે રહેવાથી શ્રીવલ્લભાચાર્યચરણની કૃપા પ્રાપ્ત કરી, તે દ્વારા પુષ્ટિમાર્ગીય ફલપ્રાપ્તિ અવશ્ય થાય છે.

આમ પ્રસ્તુત પુસ્તક **''જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો''** માં જેની શ્રીવલ્લભમાં દઢ નિષ્ઠા છે, તેવા દરેક પુષ્ટિભક્તિમાર્ગીને શ્રીવલ્લભ સ્વરૂપ, નામ, ગુણ અને આપશ્રીની લીલાનું યથાર્થ અવગાહન કરવામાં ખુબ જ ઉપયોગી થશે.

શ્રીવલ્લભના સ્વરૂપ અને ગુણના ગાન રૂપ કથાથી શ્રીવલ્લભે બતાવેલા પુષ્ટિમાર્ગમાં આગળ વધવાનું સમ્બલ (મુસાફરીનું ભાથું) પ્રાપ્ત થાય

છે અને દુઃસંગવશાત જેની બુધ્ધિ સ્વમાર્ગીય સિધ્ધાંતની વિરુદ્ધ આચરણ કરવાવાળી થઇ છે તેમને પણ શ્રીવલ્લભ સિધ્ધાંતાનુકુળ બનાવી શ્રીવલ્લભચરણોમાં સંલગ્ન કરાવવામાં સહાયક અને પથદર્શક બનશે તેવી આશા રાખું છું.

અંતમાં, જે પુષ્ટિમાર્ગી વૈષ્ણવ શ્રીઆચાર્યચરણ દ્વારા બતાવેલ પુષ્ટિમાર્ગીય સિધ્ધાંતોમાં નિષ્ઠ બની આપશ્રીએ બતાવેલી રીત અનુસાર સ્વગૃહમાં સ્વ તનુવિત્ત દ્વારા ભગવત્સેવા અને કથા અથવા કથા દ્વારા પોતાના ભક્તિબીજને દૃઢ કરવા પ્રયત્નશીલ રહે તે જ શ્રીવલ્લભરૂપને જાણી શકે અને આવા વૈષ્ણવજન શ્રી વલ્લભપ્રભુના અનુયાયી કહેડાવવા યોગ્ય છે.

શ્રીમહાપ્રભુ આપણા સૌની અંદર આપશ્રીનાં સેવક હોવાનું ગૌરવ જાગૃત કરાવે તે જ અભ્યર્થના! જો શ્રીવલ્લભના અનુયાયી હોવાનું ગૌરવ જાગૃત ન થયું તો ''કહા ભયો જો સકલ શાસ્ત્ર પઢયો, નાહક ફાટયો પાન્યો, જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો''

આવા શ્રીવલ્લભપ્રભુના નામ, સ્વરૂપ, ગુણ લીલા તેમજ સિધ્ધાંતોના સમન્વય વાળું અત્યંત ઉપયોગી પુસ્તક પ્રકાશન કરવા બદલ 'પુષ્ટિ અસ્મિતા અભિયાન' રાજકોટને ખુબ ખુબ ધન્યવાદ! શ્રીમહાપ્રભુ તેઓ દ્વારા આવી નામ સેવા હંમેશા કરાવે તેવી આપશ્રીનાં યુગલચરણોમાં વિનંતી કરી વિરમું.

-ગો. પુરુષોત્તમલાલજી (જુનાગઢ-કિશનગઢ)